

દાદી અમરતમા

: સૌજન્ય :

Astone
INFRA PROJECTS LLP
WE CONSTRUCT FUTURE

એસ્ટોન ઈન્ફ્રા પ્રોજેક્ટ્સ LLP

ભરત સતાસીયા	આર્કિટેક હાર્દિક સતાસીયા	મેહુલ સતાસીયા
ચેરમેન	મેનેજીંગ ડિરેક્ટર	ડિરેક્ટર

પરિશ્રમ બિલ્ડીંગ, બીજો માળ, SMC કોમ્યુનિટી હૉલની બાજુમાં, સરથાણા, વરાછા, સુરત.



એક વારસો પ્રેમવડ

પ.પૂ.સંતશ્રી પ્રેમજીબાપા સતાસીયા
(ગેડીદાસ બાપુ)

પ્રેમપ્રસાદ

એક અમર વારસો...



- ભરત સતાસીયા



પ્રેરણાત્મા પ.પૂ.સંતશ્રી પ્રેમજીબાપા
(ગેડીદાસબાપુ)

(૩) ભુપતભાઈ નાનજીભાઈ

ભુપતભાઈ નાનજીભાઈ	ગીતાબેન ભુપતભાઈ
મેહુલભાઈ ભુપતભાઈ	નયનાબેન મેહુલભાઈ
પિયુષભાઈ ભુપતભાઈ	દિવ્યાબેન પિયુષભાઈ

પંથ મેહુલભાઈ - મનસ્વી મેહુલભાઈ - હેમીલ પિયુષભાઈ

(૪) ભરતભાઈ નાનજીભાઈ

ભરતભાઈ નાનજીભાઈ	હંસાબેન ભરતભાઈ
હાર્દિકભાઈ ભરતભાઈ	શ્રદ્ધાબેન હાર્દિકભાઈ
કિશનભાઈ ભરતભાઈ	

॥ આશીર્વાદ ॥

અમારા જીવનમાં કોઈપણ પ્રશ્ન કે પ્રસંગમાં
પ.પૂ.સંતશ્રી પ્રેમજીબાપા (ગેડીદાસબાપુ)
સદેહે અમારી સાથે હતા અને આશીર્વાદ રૂપે સદેવ રહેશે.
અમે ઈશ્વરના આભારી છીએ કે
અમને એમના પરિવારમાં જન્મ મળ્યો,
જો બીજા જન્મ જેવું કાંઈક હોય તો અમે ઈચ્છીએ કે
દરેક જન્મમાં અમને આજ પરિવાર મળે.

॥ ભૂમિકા ॥

ભારત એક પુણ્યભૂમિ છે. આ ભૂમિ પર અનેક સંતો અને અવતારોએ વિચરણ કર્યું છે. ધાર્મિક દ્રષ્ટિએ ભારત ભવ્ય વિરાસત ધરાવે છે. ભારત ભૂમિમાં પણ સૌરાષ્ટ્રનું મહત્ત્વ અનોખું છે. સંતો, શૂરા અને દાનવીરોની ભૂમિ તરીકે સૌરાષ્ટ્ર જાણીતું છે.

આજે પણ આ સંતોની ભૂમિમાં ભૂખ્યાને ભોજન અને દીન દુઃખિયાની સેવાના યજ્ઞો ચાલે છે. આ સંતોના પરચાઓના પુરાવા આજે પણ પુરાઈ છે અને તેમના નામની ધજાઓ આજે પણ ફરકે છે.

"રાષ્ટ્રીય શાયર" ઝવેરચંદ મેઘાણીએ ગામડે-ગામડે ફરીને લોકો પાસેથી અનુભવેલી-જાણેલી વાતો એકઠી કરીને "સૌરાષ્ટ્રની રસધાર", "સોરઠી સંતો" વગેરે અનેક પુસ્તકો આપ્યાં છે. આમ છતાં ઘણા સંતોની કથાઓ વણલખી રહી છે. સમયાંતરે લોકો પાસેથી સંતોની ગાથાઓ સાંભળવા મળે છે. આજથી ૧૫૦ વર્ષ પહેલાં વણલખાયેલી કથા એટલે એક સામાન્ય ખેડૂત પ્રેમજીભાઈ સતાસીયાની જીવન ગાથા કે જે સામાન્ય માણસમાંથી સંત બન્યા અને આ સંતશ્રી પ્રેમજીભાઈ સતાસીયા (ગેડીદાસ બાપુ) એ વચનો આપ્યા હતા અને એ વચન મુજબનો સાત પેઢીનો વારસો આજે પણ આંબરડી ગામમાં છે. એવી એક સતાસીયા પરિવારમાં થયેલ સંતની સત્ય ગાથાની એટલે "પ્રેમપ્રસાદ" એક અમર વારસો...

- સંકલન અને લેખન
ભરત નાનજીભાઈ સતાસીયા

આંબરડી ગામના સતાસીયા પરિવારનો
પ્રેમપ્રસાદ એક અમર વારસો...

આ સત્ય ઘટના આજથી દોઢસો વર્ષ પહેલાંની છે. ભારતમાં એ વખતે રાજાશાહી હતી. અઢારસો પાદરના ધણી એવા ભાવનગર સ્ટેટના મહારાજા નીચે આવેલ સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામમાં આ ઘટનાએ આકાર લીધો હતો.

એ વખતની માલીપા આંબરડી ગામમાં પ્રેમજીભાઈ સતાસીયા નામનો સામાન્ય ખેડૂત પરિવાર રહેતો હતો. પરિવારની સ્થિતિ સામાન્ય પરંતુ ઈશ્વર, પરમાત્મા પ્રત્યે વિશ્વાસ અને શ્રદ્ધા અસામાન્ય. પરિવારમાં ચાર જ જણ પ્રેમજીભાઈ તેમની પત્ની બે દીકરા નાથાભાઈ અને કાળાભાઈ. આર્થિક અગવડો વચ્ચે પણ પરિવારમાં સ્નેહ, સંપ અને સહકારનું વાતાવરણ હોવાથી આનંદમય જીવન જીવતાં અને એક નાનકડી ઝૂપડીમાં આ પરિવાર મોજથી રહેતા. ખેતરોમાં મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા.

ઈશ્વરની લીલા અકળ અને ન્યારી છે. જેવી રીતે હજારો વરસથી બનતું આવ્યું છે તેવી જ રીતે આ પરિવારની પણ કસોટી ઈશ્વરે લેવાનું નક્કી કર્યું હોય એમ પ્રેમજીભાઈનાં આખા શરીરે કોઢ નીકળ્યો. લોકો પ્રેમજીભાઈના પરિવાર પ્રત્યે અણગમો રાખવા લાગ્યા અને કોઢ એ વખતે રાજરોગ જ નહોતો કહેવાતો પણ અસાધ્ય રોગ હતો. લોકો આ રોગથી બહુ જ બીતા અને એક એવી માન્યતા પણ ખરી કે આ ચેપી રોગ છે. પેઢી દર પેઢી આ રોગ વારસામાં આવે જ. એટલે લોકોમાં એક માન્યતા સજ્જડ રીતે પ્રવર્તે કે જેને આ રોગ થયો

એનાથી છેટા સારા. એનો ઓછાયો પણ આપણને ન પડવો જોઈએ. પણ ઈશ્વર પર અપાર શ્રદ્ધા રાખનાર પ્રેમજીભાઈ માન-અપમાનની દરકાર કર્યા વિના મક્કમપણે માનતા કે ઈશ્વર જે કરે એ સાચું એની સામે સાવલ નહીં કરવાના. આપણે પ્રભુ ભજન કરતાં કરતાં વાડીઓમાં મહેનત મજૂરી કરીને પરિવારને પૂરતું પોષણ મળી રહે એવું કરવાનું અને સદાય આનંદમાં રહેવાનું.

એક દિવસની વાત છે. પ્રેમજીભાઈ અને તેમનો પુત્ર બળદને જોડીને કોસ ચલાવતા હતા અને ખેતરમાં ઉગેલા પાકને પાણી પાતા હતા. બપોરટાણું થયું, પ્રેમજીભાઈના ધર્મપત્ની ભાત લઈને વાડીએ આવ્યાં. બળદને કોસમાંથી છોડીને એને નીરણ નાંખીને બધા ઝાડ નીચે બપોરા કરવા બેઠાં. એવામાં એક અજાણી વ્યક્તિ આવી પહોંચી, સૌ બેસીને જમે છે ને પ્રેમજીભાઈના શરીરે કોઢ છે. આ જોઈને ભાઈ બોલ્યા, આપને ખોટું ન લાગે તો મારે એક વાત કહેવી છે. તમને કોઢ થયો છે, તેથી તમારે અલગ રહેવું અને જમવું જોઈએ, પરિવારે કોઢ વાળી વ્યક્તિ સાથે બેસીને ન જમાય, આ ચેપી રોગ કહેવાય, પરિવારમાં પણ એનો ચેપ લાગશે અને એને પણ કોઢ થઈ શકે છે, એનું જમવાનું પણ અલગ બનાવવું જોઈએ, તમારું ભલું વિચારીને કહું છું. આવું કહીને તે માણસ તો ચાલ્યો ગયો. પરિવારજનોએ કઈ મનમાં લીધું નહીં પણ પુણ્યાત્મા પ્રેમજીભાઈને આ શબ્દો સીધા કાળજામાં વાગી ગયાં.

પ્રેમજીભાઈનું મન ચકરાવે ચડી ગયું. તેમના મનમાં અનેક તર્ક-કુતર્ક થવા લાગ્યા. થોડાં સમયમાં સેંકડો વિચારો

આવવા લાગ્યા. શું આ માણસની વાત સાચી હશે? મારી આવનારી પેઢી કોઢની બીમારીથી પીડાશે? આ માણસ કોણ હશે? અત્યારે અહીં શા માટે આવ્યો હશે? આ માણસ મારફત ઈશ્વર મને કોઈ સંકેત કરવા ઈચ્છે છે? પ્રેમજીભાઈ પોતાના પરિવારને ખૂબ ચાહતા હતા. એ એવું નહોતા ઈચ્છતા કે પોતાને થયેલ આ રોગ પરિવારજનોને પણ થાય. આવેલ માણસે કરેલ વાત સાચી હોય કે ખોટી હોય મારે એમાં નથી પડવું. પણ મારે તો પરિવારને આ મહાભયાનક રોગથી બચાવવો પડશે. મારા દીકરાની પેઢીમાં આ રોગ વારસામાં ન આવે એ માટે મારે મારો રસ્તો આજથી અલગ જ કરી લેવો પડશે. આ વિચારોના વંટોળની વચ્ચે અચાનક એક ચમકારો થયો અને પુણ્યાત્મા પ્રેમજીભાઈને ભવિષ્યનો રાહ બતાવી ગયો. તેમણે મનમાં દૃઢ નિર્ધાર કરી લીધો કે બસ હવે જતું રહેવાનું છે, બહુ દૂર... દૂર... બહુ જ આઘેરું... મારો પરિવાર કોઢના રોગથી બચવો જોઈએ. એના માટે હું મારા જીવતરનું બલિદાન પણ આપવા તૈયાર છું. અચાનક આવો વિચાર પુણ્યાત્મા પ્રેમજીભાઈને આવ્યો. આને જ કદાચ

"વીજળીના ચમકારે મોતીડાં પોરાવો પાનબાઈ...
નહિતર અચાનક અંધારા થાશે" કહેવાતું હશેને???

અને પુણ્યાત્મા પ્રેમજીભાઈએ પરિવારના સભ્યોની મનોમન માફી માગીને પોતાનું લક્ષ્ય હાંસલ કરવા ખેતરથી સીધા પરમના પંથે આગળ ચાલી નીકળ્યા. જતી વખતે કહ્યું હતું કે ગામમાં બીડી અને બાકસ લેવા જાઉં છું, હમણાં પાછો આવું છું. પણ એ એમના પરિવારની ભવિષ્યની આવનારી પેઢી માટે

પૂર્ણ પ્રકાશ અને સમૃદ્ધિ લેવા નીકળી ગયા હતાં, એની કોઈને ખબર નહોતી.

ઘણો સમય થયો છતાં ખેતર ન આવ્યા. સાંજ પડી ગઈ તોય પ્રેમજીભાઈ ઘરે ન આવ્યાં, જાણીને સૌને દુઃખ થયું. ચિંતાતુર બનીને આજુબાજુ દીકરાઓ બધાને પૂછવા લાગ્યા, મારા પિતાને તમે જોયા છે. કોઈ કહે ચિંતા ન કરો કંઈક કામકાજે ગયા હશે, આવી જશે. કોઈ કહે કે, રાજનાં કોઈ કામસર રાજાએ એમને કોઈ કામ સોંપ્યું હશે એટલે કામ પતાવીને આવી જશે. રાજાશાહીમાં રાજા કે એણે નિમેલા મુખી કોઈ પણ નાગરિકને કોઈ પણ કામ સોંપે એટલે એ તરત કરવાનું જ. પરિવારજનોએ વિચાર્યું કે કામ પતાવીને બાપા ઘરે આવી જશે. કોઈ અગત્યનું કામ હશે. એ વખતે આવી બાબતો સામાન્ય ગણાતી. એટલે તાત્કાલિક જવાનું થયું હશે એટલેજ ઘરે સંદેશો મોકલવાનો પણ સમય નહિ રહ્યો હોય, હમણાં આવશે... હમણાં આવશે એમ વિચારીને આખી રાત રાહ જોતા રહ્યાં. સહેજ પવન આવે તો પણ ભણકારા વાગે કે જો આવ્યા?

એક દિવસ, બે દિવસ, એમ દિવસો ના દિવસો વીતી ગયાં, પણ પ્રેમજીભાઈના કોઈ વાવડ (સમાચાર) મળ્યા જ નહીં. પરિવારના સભ્યો સમજી ગયા કે ઈશ્વર આપણી કપરી કસોટી લઈ રહ્યો છે. ઘરના મોભી વિના પરિવારની જે દશા થાય તે તો જેમણે વેઠી હોય તે જ જાણે?

મા અને દીકરાઓ મનોમન ઈશ્વરને પૂછે છે, હે ઈશ્વર, અમારો શું વાંક છે કે તું અમારી આવી કસોટી લઈ

રહ્યો છે. અમે જીવનમાં ક્યારેય કોઈનું કશું ખરાબ કર્યું નથી, અરે! ખરાબ વિચાર્યું પણ નથી. તું કયા પાપોની અમને સજા કરી રહ્યો છે. જગમાં કહેવાય છે ને કે,

"ઈશ્વર તારી કસોટીની પ્રથા સારી નથી હોતી,
કે સારાં હોય છે તેની દશા સારી નથી હોતી."

એક બાજુ પોતાના પર અણધારી આવી પડેલી મુશ્કેલીની ઈશ્વરને ફરિયાદ કરે છે તો બીજી તરફ આવું પણ અનુભવાય છે કે ઈશ્વર આપણું અહિત ક્યારેય કરશે નહીં. માતા પોતાના દીકરાઓને સાંત્વના આપતા કહે છે તમારા પિતાને ઈશ્વર પર અતૂટ શ્રદ્ધા છે. તે જ્યાં ગયા હશે અને જે કરતાં હશે તે તમારા ભલા માટે જ કરતા હશે. ઈશ્વર એક દિવસ સૌના સારા વાના કરશે.

ઘરની બધી જ જવાબદારી માતા પર આવી પડી. પતિ આવી રીતે કહ્યાં વિના જતા રહ્યાં તેનું તેમને દુઃખ હતું. પણ દીકરા સમક્ષ તે દેખાવા દેતા ન હતા. દીકરા પણ માતાની પરિસ્થિતિ સમજતા હતા. માતાને મદદરૂપ થવા માટે બંને દીકરાઓ ખેતમજૂરીમાં નાની ઉંમરથી જ લાગી ગયા હતાં.

દિવસો પછી દિવસો, મહિનાઓ અને વરસો વીતવા લાગ્યા. હવે તો દીકરાઓ પણ યુવાન થઈ ગયા. મોટા દીકરા નાથાભાઈના લગ્ન લેવાયા, ઘરમાં દીકરાની વહુ આવી વર્ષો પછી પરિવારમાં ખુશીનો અવસર આવ્યો. આ સમયે સૌને પ્રેમજીભાઈની યાદ આવે તે સ્વાભાવિક હતું. પણ હરિઈચ્છાનો સ્વીકાર કરવા સિવાય કોઈ માર્ગ ન હતો. પરિવારમાં આનંદથી દિવસો પસાર થવા લાગ્યા. પણ ઈશ્વરને જાણે આ ખુશી પણ મંજૂર ન હતી. નાથાભાઈના લગ્નના થોડાં

સમય પછી પ્રેમજીભાઈનાં ધર્મપત્ની એટલે નાથાભાઈના માતા ભગવાનનાં ધામમાં ચાલ્યા ગયા. કુદરત કસોટી પર કસોટી લઈ રહ્યો હતો.

નાથાભાઈ અને તેમના પત્ની પરમાત્માની પરીક્ષાનો સ્વીકાર કરી મનોમન પ્રાર્થના કરતા કે હે પ્રભુ! ભલે ગમે તેવી કપરી કસોટી કરો પણ તમારા પર અડગ ભરોસો રહે એવી કૃપા વરસાવતા રહેજો. નાથાભાઈ અને તેમના પત્ની ખેત મજૂરીનું કામ કરીને ગુજરાન ચલાવી રહ્યાં હતાં અને પ્રભુભક્તિમય જીવન જીવી રહ્યાં હતાં.

પ્રભુની આ દંપતી ઉપર કૃપા થઈ અને તેમને ત્યાં દીકરાનો જન્મ થયો. પુત્રનું નામ રણછોડ રાખવામાં આવ્યું. ફરી પાછી ખુશી આવી પણ ખુશી લાંબો સમય ટકી નહીં. રણછોડભાઈ થોડાંક જ મોટા થયા ત્યાં જ નાથાભાઈની પત્ની એટલે કે રણછોડભાઈની માતાનું અવસાન થયું. આમ ફરી પાછું પરિવાર પર દુઃખ આવી પડ્યું.

બંને ભાઈઓ નાથાભાઈ, કાળાભાઈ અને દીકરો રણછોડભાઈ ખેતી કામ કરે અને ગુજરાન ચલાવતા હતાં. થોડાં સમય પછી નાની ઉંમરમાં જ રણછોડભાઈનાં અમરતબેન સાથે લગ્ન કરવામાં આવ્યા. ઘરમાં પુત્રવધૂ આવી એનો વિશેષ આનંદ નાથાભાઈને થયો આમને આમ સમય વહેતો રહ્યો.

પુણ્યાત્મા પ્રેમજીભાઈ ઘરેથી તો નીકળી ગયાં પણ ક્યાં જવું એ નક્કી નહોતું. એને તો બસ એક જ નિશ્ચય હતો કે મારી સમસ્યા-બીમારી કોઢનો ઉકેલ પ્રભુકૃપાથી જ આવી શકે. મારા પરિવારમાં કે આવનારી ભવિષ્યની પેઢીમાં કોઈને

ન થવો જોઈએ. પગપાળા એ ચાલતાં જ ગયા અને અડસઠ તીર્થની યાત્રા પગપાળા કરી અને ઈશ્વર સ્મરણ કરતાં ગયા. રસ્તામાં એક સાધુ સંતોનો સંઘ તેમને મળી ગયો. સાધુ સંતો આ અસલી હીરાને ઓળખી ગયાં અને તેમને પોતાના સંઘમાં સમાવી લીધા. સંઘ સાથે ચાલતાં-ચાલતાં પ્રેમજીભાઈ મધ્યપ્રદેશના ઈન્દોર શહેરમાં પહોંચી ગયા, અને ત્યાં જ રોકાઈ ગયા. એટલા માટે જ એમના મનમાં એક વિચાર અંકુરિત થયો કે મારે હવે કઠોર તપ કરવું છે, આ સ્થળ આવી ગયું છે, અહીં જ તપ કરવું છે. તુલસીના બે છોડ બંને હાથમાં લઈને ધ્રુવની જેમ એક પગ ઉપર ઊભા રહીને બાર વર્ષ સુધી કઠોર તપ કર્યું. કહેવાય છે કે બાળ હઠ સામે માતા-પિતાએ અને ભક્ત હઠ સામે ભગવાન હંમેશાં ઝૂક્યા જ છે. એક દિવસ પ્રેમજીભાઈનાં શરીરમાં શક્તિનો સંચાર અનુભવાયો, મન શાંત અને પ્રફુલ્લિત જણાતું હતું. અલૌકિક અનુભૂતિ થવા લાગી, તેમની કાયા કંચન જેવી નિર્મળ કોઢરહિત બની ગઈ હતી. આ વાતની જાણ અન્ય સંતોને પણ થતા તેઓ અચરજ અને આનંદ પામ્યા. પુણ્યાત્મા પ્રેમજીભાઈનું આખું જીવન હવે સંત સમોવડિયું બની ગયું હતું. સાધુ સમાજે એમનું નામ રાખ્યું "સંતશ્રી ગેડીદાસ બાપુ".

જેમ સુવર્ણ તપી તપીને લાલચોળ બની જાય અને પછી એમાંથી અલંકારો બને છે. એમ બાર વરસના કઠોર તપ પછી પુણ્યાત્મા પ્રેમજીભાઈ "સંતશ્રી ગેડિદાસ બાપુ" બની ગયા. હવે તેમનો નાતો ઈશ્વર સાથે બંધાઈ ગયો હતો. પરમકૃપાળુ પરમાત્માએ નવો દેહ-જન્મ આપ્યો. હવે સાધુ

સંતોને ભજન ભોજન કરાવે, એ એમનો નિત્યક્રમ બની ગયો. ગામે ગામે ફરતાં અને લોકોને ભગવાનનો મહિમા સમજાવતા અને દીન-દુઃખિયાની સેવા કરતા.

એક દિવસ તેઓ પચાસ સંતોની જમાત લઈને વિચરણ કરતાં કરતાં આંબરડી ગામમાં પધારે છે, અને ગામના ચોરે સંતો ઉતારા કરે છે અને પ્રેમજીભાઈ ઉર્ફે સંતશ્રી ગેડીદાસ બાપુ ગામના ચોકીદાર સાથે સમાચાર મોકલ્યા કે, નાથાભાઈ સતાસીયાને બોલાવી આપોને એમને મારે મળવું છે. નાથાભાઈને સમાચાર મળતાં જ એ સાતેય કામ પડતાં મૂકીને ગામના ચોરે જાય છે. બધાં જ સાધુ સંતોને ભાવપૂર્વક પગે લાગીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરે છે. સાથોસાથ મનમાં મૂંઝવણ પણ ખરી કે આ બધાએ મને કેમ બોલાવ્યો હશે? મને કેમ ઓળખતા હશે? નાથાભાઈ મનમાં આવું વિચારતાં હતાં ત્યાં "બેટા નાથા, ઓળખાણ પડે છે કે નહીં?" એવો ચિર પરિચિત અવાજ એના કાને અથડાયો. એક એવો અવાજ કે જે એ વર્ષો પહેલાં સંભળાતો હતો. એ અવાજ સાંભળવા માટે એના કાન વર્ષોથી તડપી રહ્યાં હતાં. અને એ અવાજ હતો ગેડીદાસ બાપુનો, જે પુણ્યાત્મા પ્રેમજીભાઈ કે જે નાથાભાઈના પિતાશ્રી હતા, અને જોત જોતામાં બાપ-દીકરાની નજર મળતાં નાથાભાઈ તેમના પિતાશ્રીને ઓળખી ગયા અને એકબીજાને પ્રેમથી ભેટી પડ્યાં. બંનેની આંખોમાંથી શ્રાવણ માસના સરવડાં જેવા ખુશીના આંસુઓ ટપકી રહ્યાં હતાં.

પછી નાથાભાઈ પૂછે છે કે "બાપા તમારા શરીરે તો કોઢ હતો ને તો કંચન જેવી કાયા કઈ રીતે થઈ ગઈ? મારી

સમજમાં તો કંઈ આવતું નથી. વળી પાછા તમે આ સંતના વેશમાં? એ કેવી રીતે બન્યું?"

સંતશ્રી ગેડીદાસ બાપુ ઉર્ફે પુણ્યાત્મા પ્રેમજીભાઈ પોતે આ ઘર છોડીને ચાલ્યા ગયા પછી જે જે બન્યું હતું એ બધું જ અથ થી ઇતિ સુધીનો આખો વૃતાંત કહી સંભળાવ્યો. વર્ષો પછી બાપ દીકરાનું મિલન થયું એનું આખું આંબરડી ગામ સાક્ષી બન્યું હતું.

પ્રેમજીભાઈ ઉર્ફે સંતશ્રી ગેડીદાસ બાપુએ પૂછ્યું કે, બેટા પરિવારમાં કોણ કોણ છે? નાથાભાઈએ કહ્યું કે, હું, મારો નાનો ભાઈ કાળાભાઈ, મારો દીકરો રણછોડ, તેની પત્ની અમરત અને તેમના બે સંતાનો મણી અને કરશન, આમ છ વ્યક્તિનો પરિવાર છે. મારી માતાનું અને મારી પત્નીનું અવસાન થયું છે.

નાથાભાઈએ સૌ સંતોને લઈને ઘરે પધારવા ભાવપૂર્વક આમંત્રણ પાઠવ્યું. શ્રી ગેડીદાસ બાપુ અને બધા સાધુ સંતો ઘરે પધાર્યા. બે-ત્રણ દિવસ સાધુ સંતો સાથે સંતશ્રી ગેડીદાસ બાપુ રોકાય છે. બધાને ભજન સાથે ભોજન કરાવે છે અને અલખની આરાધના કરાવે છે. સૌ સંતો નાથાભાઈની અને તેમના પરિવારની ભક્તિ જોઈને રાજી થાય છે.

સંતશ્રી ગેડીદાસ બાપુએ નાથાભાઈને બોલાવીને કહ્યું, બેટા હવે અમારે અહીંથી વિદાય લેવી છે. નાથાભાઈએ અહીંયા રોકાઈ જવાની ખૂબ વિનંતી કરી અને કહ્યું, આંબરડી ગામમાં જ આશ્રમ બનાવો, અમે પણ આપ સૌની સેવા કરી શકીએ.

સંતશ્રી ગેડીદાસ બાપુએ કહ્યું, બેટા મારું મન હવે ઈશ્વર ભક્તિમાં જોડાઈ ગયું છે. સાધુ સંત અને નદીઓ હંમેશાં વહેતી જ સારી લાગે. એક સ્થળે રોકાઈ જવાથી બંધિયાર જેવી સ્થિતિ થઈ જાય. વહેતી નદીનું પાણી મીઠું હોય અને બંધિયાર પાણી બગડી જતું હોય છે. મારો ઉદ્દેશ લોકોની સેવા કરવાનો છે. અહીંયા આવવા પાછળનું એક જ કારણ હતું કે હું તમારા લોકોની રજા લીધા વગર ચાલ્યો ગયો હતો. મનમાંને મનમાં એક અજંપો રહેતો હતો, અંતરાત્મા ડંખતો હતો. આ દેહ નશ્વર છે એનો કોઈ ભરોસો નથી, એટલે બસ હવે તમારી રજા લેવા આવ્યો છું. મને રાજીખુશીથી રજા આપો, વગર રજાએ ગયો હતો એટલે જ હવે રજા લેવા આવ્યો છું.

બાપાએ એક સંકેત પણ પરિવારને કર્યો કે હજુ મારું આયુષ્ય ૧૨ વર્ષ સુધીનું છે, બાપા બીજાના ભવિષ્ય ભાખી શકતા એટલે જ પોતાનું ભવિષ્ય જોઈ શક્તા હશે. બાપા પોતાની તપોભૂમિ બતાવવાં માગતા હશે એટલે જ કહ્યું હશે કે કોઈને મારી સાથે આવવું હોય તો આવી શકે છે. પણ એ વખતે બાપાનાં સંકેતને કોઈ સમજી શક્યું નહી.

સંતશ્રી ગેડીદાસ બાપુએ આગ્રહ કર્યો, બેટા નાથા મને રજા આપ અને તારે જે કાઈ વચન માંગવું હોય એ માંગી લે. નાથાભાઈએ કહ્યું, મારે કોઈ વચન જોઈતું નથી. પ્રેમજીભાઈ ઉર્ફે સંતશ્રી ગેડીદાસ બાપુએ બહુ જ આગ્રહ કર્યો ત્યારે નાથાભાઈ એટલું જ બોલ્યાં આપ વચન આપવા જ ઈચ્છતા હો તો મારા પુત્ર રણછોડની વહુ અમરતને આશીર્વાદ આપો. બાપાએ અમરતને પાસે બોલાવીને માથે હાથ મૂકીને વચન

આપ્યું, બેટા તારું આયુષ્ય સો વરસ કરતાં વધારે થાશે... તારા પરિવારમાં બીજી પેઢીએ એકના એકવીસ દીકરાઓ થાશે. તારા કુળની દીકરીઓ પણ જયાં સાસરે જશે એ કુળને ઉજાળશે અને સુખ સાહ્યબીમાં મહાલશે. બેટા તને એક સોપારી અને સિક્કો આપું છું. તેને તું કોઠીમાં નાંખી દેજે અને ઉપરથી કોઠીનું ઢાંકણ બંધ કરી દેજે અને કોઠીના હાણાથી જેટલું અનાજ કાઢવું હોય એ કાઢજો એ કોઠીનું અનાજ હું ખૂટવા નહીં દઉં. મારા નામનું સ્મરણ કરજો, તમામ આફત જતી રહેશે. હું આ દુનિયામાં હોવ કે ન હોવ પણ મારી સ્મરણ રૂપી ચેતના સદાય તમારા પરિવારની આસપાસ હશે જ. મને યાદ કરજો, હું કોઈપણ સ્વરૂપે આશીર્વાદ આપવા જરૂરથી આવીશ.

પછી નાના દીકરા કાળાભાઈને બોલાવીને કહ્યું બેટા તારે કાંઈ વચન માંગવું હોય તો માગ. કાળાભાઈ અપરણિત (કુંવારા) હતાં. થોડાં મનમોજી હતા તેમને બાપા પાસે વચન માંગ્યું, હું જે મનમાં ઈચ્છા કરું તે થાય.બાપાએ વચન તો આપ્યું, પણ સાથોસાથ ટકોર પણ કરી કે બેટા મારા વચનના ખોટાં પારખા ન કરતો, નહીંતર પરિણામ સારું નહીં આવે. ટકોર એટલા માટે કરી હતી કે બાપા એનું ભવિષ્ય પારખી ગયા હતા. કાળાભાઈને ખરાબ સંગત થાય છે, બાપના વચનનો ખોટા પારખા કરે છે, તેથી તે પાગલ થઈ જાય છે અને કુંવારા જ મૃત્યું પામે છે.

દિવસો અને વર્ષો પસાર થવા લાગ્યા. એક દિવસ અમરતમાં ને થયું કે બાપાએ મને વચન આપ્યું હતું કે તારી કોઠીનું અનાજ હું ખૂટવા નહીં દઉં, લાવને સિક્કો અને સોપારી કોઠીમાં નાખી જોવ. ઘરમાં અનાજ ભરેલી કોઠીમાં સોપારી અને

સિક્કો નાખીને ઉપરથી કોઠીનું ઢાંકણ ચાંદી દીધું. ઘરે જોઈતું અનાજ હાણાથી કાઢે છે. બન્યું એવું કે તેના પછીના જ વર્ષમાં ભયંકર દુષ્કાર પડે છે, ખેતરોમાં અનાજનો એકપણ દાણો પાકતો નથી. ગરીબ માણસોને મજુરી પણ મળતી નથી. ટંકનું રળીને ટંકનું ખાવાવાળા લોકોના ઘરમાં ખાવાના ચાચા પડી રહ્યાં હતાં. આ સમયે અમરતમાં જેમના ઘરમાં ખાવા માટે દાણા નહોતા તેવા લોકોને સામેથી બોલાવી-બોલાવીને એક મણ, બે મણ, પાંચ મણ અનાજ આપવા માંડ્યા. જોત જોતામાં ગામ અને આજુબાજુના ગામમાં પણ ખબર પડવા લાગી અને લોકો આવવા લાગ્યા અને અમરતમાં મદદ કરતા ગયા. અમરતમાંને બાપાના વચન ઉપર વિશ્વાસ અને ભરોસો હતો કે બાપા કોઠીમાં અનાજ ખૂટવા નહીં દે અને એવું જ બન્યું. એક દિવસ દીકરાની વહુને થયું કે કોઠીમાં તો ગાડી-બે ગાડી અનાજ સામે અને સાસુમાંએ તો દુષ્કાળના આખા વર્ષમાં કેટલું બધું અનાજ લોકોને આપ્યું છે. ચાલોને જોઈએ તો ખરાં કેટલું અનાજ કોઠીમાં હશે, અને કોઠીનું ઢાંકણ ખોલે છે, અને બાપાના વચનનો પ્રભાવ પૂરો થાય છે. કોઠીમાં એકપણ દાણો અનાજ જોવા મળતું નથી.

બાપાએ અંતિમ વચન આપતા કહ્યું હતું કે ભવિષ્યમાં તારી પેઢીના વારસદારોમાંથી કોઈને પ્રેરણા થશે ત્યારે મારી ચેતનાની મૂર્તિ સ્વરૂપે પ્રાણ પ્રતિષ્ઠા કરશે. ત્યારે હું સ્વયં આશીર્વાદ સ્વરૂપે તેમા વાસ કરીશ. પરિવારજનો પર કેવલકૃપા કરીને બાપાએ આ વચનો આપ્યા અને પછી વિદાય થયા. સમય પસાર થયો અને પુણ્યાત્મા પ્રેમજીબાપાના આશીર્વાદથી એમના વચન મુજબ એકનાં એકવીસ દીકરાઓ

બીજી પેઢીમાં થયા. દાદા-દાદી રણછોડભાઈ અને અમરતમાના છ દીકરા કરશનભાઈ, ભીમજીભાઈ, જસમતભાઈ, વશરામભાઈ, ડાયાભાઈ અને નાનજીભાઈ આમ છ દીકરાઓ થયા, અને આ છ એ દીકરાઓના લગ્ન થયા અને ઘરે દીકરાની વહુ આવી અને આ છ દીકરાઓમાં.....

કરશનભાઈને ત્યાં નરશીભાઈ, મગનભાઈ અને રવજીભાઈ એમ ત્રણ દીકરાઓ થયા.

ભીમજીભાઈને ત્યાં રવજીભાઈ, કાનજીભાઈ અને વાલજીભાઈ આમ ત્રણ દીકરાઓ થયા.

જસમતભાઈને ત્યાં જેરામભાઈ, ગીરધરભાઈ, વલ્લભભાઈ, મનજીભાઈ અને પ્રાગજીભાઈ એમ પાંચ દીકરા થયા.

વશરામભાઈને ત્યાં વાલજીભાઈ, ભગવાનભાઈ, નાગજીભાઈ, ગોવિંદભાઈ અને ભનુભાઈ એમ પાંચ દીકરા થયા.

ડાહ્યાભાઈને ત્યાં કિરીટભાઈ એક દીકરો થયો.

નાનજીભાઈને ત્યાં કનુભાઈ, પરશોત્તમભાઈ, ભૂપતભાઈ અને ભરતભાઈ એમ ચાર દીકરા થયા.

આમ વચન પ્રમાણે અમો કાકા-બાપાના પિતરાઈ ભાઈઓ ૨૧ છીએ.

આ સત્ય હકીકત મેં મારા દાદી અમરતમા ના મુખેથી સાંભળેલી. જેમણે પ્રેમજીબાપાના દર્શન કરેલ અને આશીર્વાદ પણ લીધા હતા. મારા દાદી અમરતમા એકસોને પાંચ વર્ષ જીવ્યા અને ૧૯૮૩માં ભગવાનનાં ધામમાં ગયાં. નાનપણથી

જ દાદીમા પાસેથી સાંભળેલ બાપાની ગાથા અને જીવનથી હું ખૂબ પ્રભાવીત થયો હતો અને મે મારા જીવનના દરેક સંકલ્પો બાપાને સ્મરણ કરીને કરવાનું નક્કી કર્યુ. તમામ સંકલ્પો સિદ્ધ કરવામાં મારી સાથે બાપાના આશીર્વાદ હંમેશા રહ્યા છે એવું હું દૃઢપણે માનુ છું. ખરેખર મારી જાતને સદનસીબ માનુ છુ કે મને બાપા જેવા સંત-મહાપુરૂષની પૂનાઈનો વારસો મળ્યો છે. કદાચ આનાથી જ સારા કાર્યો કરવાની પ્રેરણા મળતી હશે!.

એક સંકલ્પ નાનપણથી જ મારા મનમાં ચાલતો હતો કે આંબરડી ગામમાં બાપાનું મંદીર બનાવીને બાપાની ચેતનાને મૂર્તિ સ્વરૂપે પ્રતિષ્ઠા કરવી.

એક દિવસ મારા મનનો સંકલ્પ પરિવાર સમક્ષ મૂક્યો કે આપણે સમગ્ર પરિવાર સાથે મળીને આંબરડી ગામમાં પ્રેમજીબાપાનું અને આપણા કુળદેવી આઈશ્રી ખોડીયાર માતાજીના મંદિરનું નિર્માણ કરીએતો..! આખા પરિવાર મારા સંકલ્પને વધાવી લીધો તેમજ તન, મન અને ધનથી સહકાર આપવાની આખા પરિવારે ખાત્રી આપી. આમ સૌએ સાથે મળીને મંદિર નિર્માણ કરવાનો સંકલ્પ લીધો.

પરમ પૂજ્ય સંતશ્રી પ્રેમજીબાપાના સેવા કાર્યો અને પરોપકારી ચરિત્રથી પ્રેરિત થઈને બાપાએ આપેલા વચન મુજબ સેવાકાર્યોની જ્યોત કાયમ માટે પ્રજ્વલિત રહે અને આધ્યાત્મિક વારસાની સ્મૃતિ નવી પેઢીમાં જળવાઈ રહે તેવા ભાવ સાથે પૂજ્ય સંતશ્રી પ્રેમજીબાપાની સ્મૃતિમાં વડલો વાવીને આ સ્થળનું "પ્રેમવડ" નામકરણ કરવામાં આવ્યું છે.

પરમપૂજ્ય સંતશ્રી પ્રેમજીબાપાના આશીર્વાદથી અમારો ૨૦૦ વ્યક્તિનો પરિવાર આજે જે પણ કંઈ સુખ

સગવડતા ભોગવીએ છીએ એના મૂળમાં બાપાની કઠોર તપ સાધના અને ઈશ્વર પ્રત્યેની નિષ્ઠા કારણભૂત છે એવું અમે ચોક્કસપણે માનીએ છીએ. અમો બધા સાથે મળીને બાપાના નામથી નવા વિચારો, લક્ષ સાથે સેવા, શિક્ષણ, આરોગ્ય, સહકારનાં કાર્યો કરવા માટેનો સંકલ્પ પણ કરીએ છીએ.

પહેલાનાં જમાનામાં કુળના બારોટ હતા અને આ બારોટ આપણી પેઢીનો ઈતિહાસ રાખતા. વર્ષમાં આપણાં ઘરે આવતા અને દીકરા-દીકરીઓના જન્મ થયાં હોય તેમના નામ તેમના ચોપડે નોંધી જતા અને પેઢી-દર પેઢીનો ઈતિહાસ તેમના ચોપડે રહેતો. પણ સમય બદલાયો, પેઢીઓ બદલાઈ અને આજે બારોટ પરિવારના ચોપડાઓ લુપ્ત થઈ ગયા. આજની નવી પેઢીને કદાચ ત્રીજી-ચોથી પેઢીએ આપણા દાદા-દાદી, બાપા-મોટાબાપા, કાકા-કાકી, ભાઈ-ભાભી, ફઈ-ફુવા, બહેન-બનેવી, કોણ હતાં તેમના નામ પણ યાદ નહીં હોય. જે દીકરીઓ પરણીને બીજા પરિવારમાં સાસરે ગઈ, તેમના દીકરાઓને કદાચ દાદીમાનું મોસાળ, બાનું મોસાળ કયા પરિવારમાં હતું તે પણ યાદ નહીં હોય.

અહીં પ્રેમજીબાપાનો ૭ પેઢીનો વારસો 'પ્રેમવડ' આપવામાં આવેલ છે. આવનારી પેઢી આ પ્રેમવડની કઈ ડાળનું પુષ્પ છે, તે જાણી શકશે અને આ પ્રેમવડના મૂળ સાથે હંમેશાં જોડાયેલ રહેશે.

પ.પૂ.સંતશ્રી પ્રેમજીબાપા (ગેડીદાસ બાપુ)

નાથાભાઈ પ્રેમજીભાઈ કાળાભાઈ પ્રેમજીભાઈ

રણછોડભાઈ નાથાભાઈ
અમરતબેન રણછોડભાઈ

પેઢી

કરશનભાઈ રણછોડભાઈ	સંતોકબેન કરશનભાઈ
ભીમજીભાઈ રણછોડભાઈ	મોંઘીબેન ભીમજીભાઈ
જસમતભાઈ રણછોડભાઈ	રૂડીબેન જસમતભાઈ
વશરામભાઈ રણછોડભાઈ	સમજુબેન વશરામભાઈ
ડાયાભાઈ રણછોડભાઈ	મણીબેન ડાયાભાઈ
નાનજીભાઈ રણછોડભાઈ	અંબાબેન નાનજીભાઈ

દીકરી : મણીબેન રામભાઈ રાદડીયા (ચૌત્રા)
દુધીબેન બાવચંદભાઈ દુધાત (જાંજુડા)
પાર્વતીબેન નાનજીભાઈ તંતી (ઈંગોરાળા)

॥ એકના એકવીસ ॥

(૧) રવજીભાઈ ભીમજીભાઈ
(૨) કાનજીભાઈ ભીમજીભાઈ
(૩) જેરામભાઈ જસમતભાઈ
(૪) વાલજીભાઈ ભીમજીભાઈ
(૫) ગિરધરભાઈ જસમતભાઈ
(૬) નરશીભાઈ કરશનભાઈ
(૭) વલ્લભભાઈ જસમતભાઈ
(૮) વાલજીભાઈ વશરામભાઈ
(૯) મનજીભાઈ જસમતભાઈ
(૧૦) મગનભાઈ કરશનભાઈ
(૧૧) ભગવાનભાઈ વશરામભાઈ
(૧૨) નાગજીભાઈ વશરામભાઈ
(૧૩) રવજીભાઈ કરશનભાઈ
(૧૪) ગોવિંદભાઈ વશરામભાઈ
(૧૫) કનુભાઈ નાનજીભાઈ
(૧૬) ભનુભાઈ વશરામભાઈ
(૧૭) પરશોત્તમભાઈ નાનજીભાઈ
(૧૮) પ્રાગજીભાઈ જસમતભાઈ
(૧૯) ભુપતભાઈ નાનજીભાઈ
(૨૦) ભરતભાઈ નાનજીભાઈ
(૨૧) કિરીટભાઈ ડાયાભાઈ

પ.પૂ.સંતશ્રી પ્રેમજીબાપા (ગેડીદાસ બાપુ)

નાથાભાઈ પ્રેમજીભાઈ
રણછોડભાઈ નાથાભાઈ અમરતબેન રણછોડભાઈ

કરશનભાઈ રણછોડભાઈ
સંતોકબેન કરશનભાઈ
પેઢી

(૧) નરસિંહભાઈ કરશનભાઈ
(૨) મગનભાઈ કરશનભાઈ
(૩) રવજીભાઈ કરશનભાઈ

દીકરી : સાકરબેન પરબતભાઈ વેકરીયા (દેતડ)
ઉજીબેન મનજીભાઈ બોરડ (રામગઢ)
લક્ષ્મીબેન ભીમજીભાઈ ડોબરીયા (પાટી)

---

(૧) નરસિંહભાઈ કરશનભાઈ

નરસિંહભાઈ કરશનભાઈ અંબાબેન/વિમળાબેન નરસિંહભાઈ

દીકરી : પ્રભાબેન વિઠ્ઠલભાઈ શેલડીયા (ખોડી)

(૨) મગનભાઈ કરશનભાઈ

મગનભાઈ કરશનભાઈ વિમળાબેન મગનભાઈ
દુલાભાઈ મગનભાઈ ભાવનાબેન દુલાભાઈ
વિપુલભાઈ મગનભાઈ

ધારા દુલાભાઈ પૂજા દુલાભાઈ અભી દુલાભાઈ

દીકરી : મંજુલાબેન બાબુલાલ પડસાળા (સમુહખેતી)
રેખાબેન રામકુકુમાર પડસાળા (કરજાળા)
અસ્મીતાબેન હસમુખકુમાર સાવજ (આંબા)

---

(૩) રવજીભાઈ કરશનભાઈ

રવજીભાઈ કરશનભાઈ લાભુબેન રવજીભાઈ
ઘનશ્યામભાઈ રવજીભાઈ ચંદ્રિકાબેન ઘનશ્યામભાઈ
નિલેષભાઈ રવજીભાઈ ગીતાબેન નિલેષભાઈ
યોગેશભાઈ રવજીભાઈ

પ્રિયાંશી ઘનશ્યામભાઈ પાર્થ ઘનશ્યામભાઈ
દેવમ નિલેષભાઈ રીયા નિલેષભાઈ

દીકરી : કમળાબેન ભીખુલાલ પડસાળા (વિજ્યાનગર)
ગીતાબેન પ્રકાશકુમાર માલાણી (થોરડી)

પ.પૂ.સંતશ્રી પ્રેમજીબાપા (ગેડીદાસ બાપુ)

નાથાભાઈ પ્રેમજીભાઈ
રણછોડભાઈ નાથાભાઈ અમરતબેન રણછોડભાઈ

ભીમજીભાઈ રણછોડભાઈ
મોંઘીબેન ભીમજીભાઈ

પેઢી

(૧) રવજીભાઈ ભીમજીભાઈ
(૨) કાનજીભાઈ ભીમજીભાઈ
(૩) વાલજીભાઈ ભીમજીભાઈ

દીકરી : રામબાઈબેન મધુભાઈ સુદાણી (સાકરપરા)
અંબાબેન હરિભાઈ રાદડીયા (ચોત્રા)
પુતળીબેન મનજીભાઈ સુદાણી (મોટા બારમણ)
ડાહીબેન નાગજીભાઈ માલાણી (જાબાળ)
કુલબાઈબેન બચુભાઈ સાકરીયા (નવી કાતર)
દેવબાઈબેન ભીમજીભાઈ સુહાગીયા (જીવાપર)

---

(૧) રવજીભાઈ ભીમજીભાઈ

રવજીભાઈ ભીમજીભાઈ	કાશીબેન રવજીભાઈ
રામભાઈ રવજીભાઈ	લાભુબેન રામભાઈ
લક્ષ્મણભાઈ રવજીભાઈ	લાભુબેન લક્ષ્મણભાઈ
અરજણભાઈ રવજીભાઈ	મંજુલાબેન અરજણભાઈ
નારણભાઈ રવજીભાઈ	હંસાબેન નારણભાઈ

દીકરી : લાભુબેન મધુભાઈ અકબરી (સાવરકુંડલા)

રામભાઈ રવજીભાઈ

ગણપતભાઈ રામભાઈ	ઉષાબેન ગણપતભાઈ
પ્રતાપભાઈ રામભાઈ	વર્ષાબેન પ્રતાપભાઈ

અભિષેક ગણપતભાઈ - ભક્તિ ગણપતભાઈ - સેલજા પ્રતાપભાઈ

દીકરી : સોનલબેન ભીખાલાલ સાવજ (નવી કાતર)
નયનાબેન જયંતિકુમાર ગઢીયા (વિરપુર)

લક્ષ્મણભાઈ રવજીભાઈ

જયસુખભાઈ લક્ષ્મણભાઈ	મમતાબેન જયસુખભાઈ
ભાવેશભાઈ લક્ષ્મણભાઈ	દક્ષાબેન ભાવેશભાઈ

કિશ જયસુખભાઈ - કિર્તના ભાવેશભાઈ - શુભ ભાવેશભાઈ

દીકરી : જસુબેન વિકુલકુમાર લક્કડ (ભાણવડીયા)
નિતાબેન અતુલકુમાર મકાણી (લુવારીયા)

અરજણભાઈ રવજીભાઈ

દિલીપભાઈ અરજણભાઈ	હર્ષાબેન દિલીપભાઈ
અતુલભાઈ અરજણભાઈ	હિરલબેન અતુલભાઈ

દીકરી : રેખાબેન અરજણભાઈ
મનિષા ભરતકુમાર ચોવટીયા (છાણા વાકિયા)
ઈલાબેન રમેશકુમાર શેખડા (માણસા)
ગુલાબબેન શૈલેષકુમાર તળાવિયા (ત્રંબકપુર)

નારણભાઈ રવજીભાઈ

હરેશભાઈ નારણભાઈ મિતલબેન હરેશભાઈ
મુકુંદ હરેશભાઈ - મિતવા હરેશભાઈ

દીકરી : અસ્મિતાબેન દલસુખકુમાર વાડદોરીયા
જાગૃતિબેન રાહલકુમાર માલવિયા (અમૃતપુર)

(૨) કાનજીભાઈ ભીમજીભાઈ

કાનજીભાઈ ભીમજીભાઈ	દેવબાઈબેન કાનજીભાઈ
શામજીભાઈ કાનજીભાઈ	કંચનબેન શામજીભાઈ
ગોકુળભાઈ કાનજીભાઈ	ભાનુબેન ગોકુળભાઈ
વિઠ્ઠલભાઈ કાનજીભાઈ	સોનલબેન વિઠ્ઠલભાઈ
ચીમનભાઈ કાનજીભાઈ	અનિતાબેન ચીમનભાઈ

દીકરી : કાંતુબેન મગનભાઈ સાવલીયા (આદસંગ)
રસીબેન રવજીભાઈ શીંગાળા (ખડાધાર)
જયાબેન રણછોડભાઈ રાદડીયા (ધજડી)
પ્રભાબેન મધુભાઈ બાવસીયા (ત્રંબકપુર)
દયાબેન બાબુલાલ રાણપડીયા (વડલી)
વિમુબેન ગોરધનભાઈ લુણાગરીયા (નાંગધરા)
સગુણાબેન વિજયકુમાર સુદાણી (મોટા બારમણ)

શામજીભાઈ કાનજીભાઈ

પ્રકાશભાઈ શામજીભાઈ	ચંદ્રિકાબેન પ્રકાશભાઈ
ખુશાલભાઈ શામજીભાઈ	કિષ્નાબેન ખુશાલભાઈ

હર્ષિત પ્રકાશભાઈ - હિમાંશી પ્રકાશભાઈ - ઓમ ખુશાલભાઈ

દીકરી : ધર્મિષ્ઠાબેન પ્રફુલકુમાર ઠુંમર (અભરામપરા)

ગોકુળભાઈ કાનજીભાઈ

ધર્મેશ ગોકુળભાઈ

દીકરી : શિતલબેન ગોકુળભાઈ
પાયલબેન અજયકુમાર પટોળિયા (રાવણી)

વિઠ્ઠલભાઈ કાનજીભાઈ

અપૂર્વ વિઠ્ઠલભાઈ અમિષા વિઠ્ઠલભાઈ

ચીમનભાઈ કાનજીભાઈ

માનવ ચીમનભાઈ આરતી ચીમનભાઈ પરી ચીમનભાઈ

---

(૩) વાલજીભાઈ ભીમજીભાઈ

વાલજીભાઈ ભીમજીભાઈ	જીવીબેન વાલજીભાઈ
ઝવેરભાઈ વાલજીભાઈ	દયાબેન ઝવેરભાઈ
ઘનશ્યામભાઈ વાલજીભાઈ	મીરાબેન ઘનશ્યામભાઈ
લાખાભાઈ વાલજીભાઈ	રંજનબેન લાખાભાઈ

દીકરી : વસંતબેન મગનલાલ વોરા (કોટીયા)

ઝવેરભાઈ વાલજીભાઈ

મનિષભાઈ ઝવેરભાઈ	ગીતાબેન મનિષભાઈ
મેહુલભાઈ ઝવેરભાઈ	આરતીબેન મેહુલભાઈ

ગુંજન મનિષભાઈ - ધાર્મી મેહુલભાઈ

દીકરી : જલ્પાબેન ઘનશ્યામકુમાર સેંજળિયા (રબારીકા)

ઘનશ્યામભાઈ વાલજીભાઈ

પારસ ઘનશ્યામભાઈ રૂચીતા ઘનશ્યામભાઈ

લાખાભાઈ વાલજીભાઈ

દર્શન લાખાભાઈ રિદ્ધિ લાખાભાઈ

દીકરી : ભગવતીબેન યોગેશકુમાર વાડદોરીયા (ફાટસર)

પ.પૂ.સંતશ્રી પ્રેમજીબાપા (ગેડીદાસ બાપુ)

નાથાભાઈ પ્રેમજીભાઈ
રણછોડભાઈ નાથાભાઈ અમરતબેન રણછોડભાઈ

જસમતભાઈ રણછોડભાઈ
રૂડીબેન જસમતભાઈ
પેઢી

(૧) જેરામભાઈ જસમતભાઈ
(૨) ગીરધરભાઈ જસમતભાઈ
(૩) વલ્લભભાઈ જસમતભાઈ
(૪) મનજીભાઈ જસમતભાઈ
(૫) પ્રાગજીભાઈ જસમતભાઈ

દીકરી : નાનબાઈબેન નાથાભાઈ કાનાણી (ખડકાળા)
લીલીબેન બાલુભાઈ સાવલીયા (લીખાળા)

---

(૧) જેરામભાઈ જસમતભાઈ

જેરામભાઈ જસમતભાઈ રામબાઈબેન જેરામભાઈ
શિવાભાઈ જેરામભાઈ કૈલાસબેન શિવાભાઈ
જયસુખભાઈ જેરામભાઈ

દીકરી : શારદાબેન ભીખુભાઈ કસવાળા (રાજુલા)
નબુબેન રમેશભાઈ આણદાણી (આસોદર)
રસીલાબેન જયસુખભાઈ સુહાગીયા (જીવાપર)
શોભનાબેન જીતુભાઈ સોરઠિયા (મોદા)

શિવાભાઈ જેરામભાઈ

અનિલભાઈ શિવાભાઈ રીંકલબેન અનિલભાઈ
મયુરભાઈ શિવાભાઈ આનંદીબેન મયુરભાઈ
ગ્રીવા અનિલભાઈ - રીવા અનિલભાઈ
દીકરી : સોનલબેન શિવાભાઈ

---

(૨) ગિરધરભાઈ જસમતભાઈ

ગિરધરભાઈ જસમતભાઈ લાભુબેન ગિરધરભાઈ
વિનુભાઈ ગિરધરભાઈ રમીલાબેન વિનુભાઈ
મુકેશભાઈ ગિરધરભાઈ નીતાબેન મુકેશભાઈ

હર્ષદ વિનુભાઈ - અનામિકા વિનુભાઈ - મોનિકા વિનુભાઈ
કિર્તન મુકેશભાઈ

દીકરી : ભાનુબેન હિંમતલાલ ઢાંકેચા (નવાગામ)
હંસાબેન હિંમતલાલ ત્રાડા (ભમોદરા)
કંચનબેન અરવિંદકુમાર કસવાળા (થોરડી)
જયાબેન ઘનશ્યામકુમાર ઝાલાવડીયા (બાઢડા)
વિલાસબેન શૈલેષકુમાર મેઘાણી (લીલીયા)

---

(૩) વલ્લભભાઈ જસમતભાઈ

વલ્લભભાઈ જસમતભાઈ કાંતાબેન વલ્લભભાઈ
રમેશભાઈ વલ્લભભાઈ વર્ષાબેન રમેશભાઈ
પ્રફુલભાઈ વલ્લભભાઈ સંગીતાબેન પ્રફુલભાઈ

હેત રમેશભાઈ - કુંજ પ્રફુલભાઈ - મીરલ પ્રફુલભાઈ

દીકરી : ભાવનાબેન મેહુલકુમાર સાવલીયા (આસરાણા)
મંજુલાબેન પ્રફુલકુમાર કોટડિયા (કુબડા)

(૪) મનજીભાઈ જસમતભાઈ

મનજીભાઈ જસમતભાઈ — લીલીબેન મનજીભાઈ
દિનેશભાઈ મનજીભાઈ — રેખાબેન દિનેશભાઈ
કાંતિભાઈ મનજીભાઈ — રીનાબેન કાંતિભાઈ

અમીરાજ દિનેશભાઈ - યશ દિનેશભાઈ
પ્રિયા કાંતિભાઈ - દક્ષ કાંતિભાઈ

દીકરી : વસનબેન શાંતિલાલ સાવલીયા (આસોદર)
રંજનબેન અશ્વિનકુમાર ચોડવડિયા (કુંભારીયા)

---

(૫) પ્રાગજીભાઈ જસમતભાઈ

પ્રાગજીભાઈ જસમતભાઈ — શારદાબેન પ્રાગજીભાઈ
લાલજીભાઈ પ્રાગજીભાઈ — નિરૂબેન લાલજીભાઈ
પ્રતાપભાઈ પ્રાગજીભાઈ — માનસીબેન પ્રતાપભાઈ

આર્વી લાલજીભાઈ - મંત્ર લાલજીભાઈ

પ.પૂ.સંતશ્રી પ્રેમજીબાપા (ગેડીદાસ બાપુ)

નાથાભાઈ પ્રેમજીભાઈ
રણછોડભાઈ નાથાભાઈ — અમરતબેન રણછોડભાઈ

વશરામભાઈ રણછોડભાઈ
સમજુબેન વશરામભાઈ

પેઢી

(૧) વાલજીભાઈ વશરામભાઈ
(૨) ભગવાનભાઈ વશરામભાઈ
(૩) નાગજીભાઈ વશરામભાઈ
(૪) ગોવિંદભાઈ વશરામભાઈ
(૫) ભનુભાઈ વશરામભાઈ

દીકરી : સવિતાબેન હરિભાઈ હિરપરા (જીવાપર)
મુક્તાબેન ચતુરભાઈ સાવલીયા (ઘનશ્યામનગર)

---

(૧) વાલજીભાઈ વશરામભાઈ

વાલજીભાઈ વશરામભાઈ — સવિતાબેન વાલજીભાઈ
જયંતિભાઈ વાલજીભાઈ — મંજુલાબેન જયંતિભાઈ
રતિલાલ વાલજીભાઈ — મનિષાબેન રતિલાલ

દીકરી : ગૌરીબેન ભરતભાઈ વાટલીયા (ખડસલી)
કિરણબેન કાળુભાઈ નસીત (અભરામપરા)

જયંતિભાઈ વાલજીભાઈ

પિયુષભાઈ જયંતિભાઈ — ક્રિષ્નાબેન પિયુષભાઈ
હિરેનભાઈ જયંતિભાઈ — નિધીબેન હિરેનભાઈ

રૂદ્રા પિયુષભાઈ - આર્ય પિયુષભાઈ

દીકરી : શિલ્પાબેન ચેતનકુમાર દુધાત (ઉટવાળા)

રતિલાલ વાલજીભાઈ

કિશન રતિલાલ

દીકરી : ટ્વિંકલબેન જેનિલકુમાર કથીરીયા (પાંચટોબરા)

---

(૨) ભગવાનભાઈ વશરામભાઈ

ભગવાનભાઈ વશરામભાઈ	જીવીબેન ભગવાનભાઈ
ચીમનભાઈ ભગવાનભાઈ	અનસોયાબેન ચીમનભાઈ
ચંદુભાઈ ભગવાનભાઈ	ધર્મિષ્ઠાબેન ચંદુભાઈ
સુરેશભાઈ ભગવાનભાઈ	ઉર્વશીબેન સુરેશભાઈ

પરાગ ચીમનભાઈ - પેનીલ ચીમનભાઈ

ઓમ ચંદુભાઈ - સિયા સુરેશભાઈ

દીકરી : જસુબેન મુકેશકુમાર માલાણી (ખડસલી)

દયાબેન ભરતકુમાર માલાણી (ખડસલી)

વિલાસબેન રસીકકુમાર રૈયાણી (નેસડી)

---

(૩) નાગજીભાઈ વશરામભાઈ

નાગજીભાઈ વશરામભાઈ	મુક્તાબેન નાગજીભાઈ
ભાવેશભાઈ નાગજીભાઈ	રસ્મીતાબેન ભાવેશભાઈ
મુકેશભાઈ નાગજીભાઈ	ગીતાબેન મુકેશભાઈ
નિલેશભાઈ નાગજીભાઈ	નિલમબેન નિલેશભાઈ

દિવ્યેશ ભાવેશભાઈ - ઉત્સવ મુકેશભાઈ

વિશ્વા નિલેશભાઈ - માનવ નિલેશભાઈ

દીકરી : ગીતાબેન અલ્પેશકુમાર જીયાણી (જેજાદ)

(૪) ગોવિંદભાઈ વશરામભાઈ

ગોવિંદભાઈ વશરામભાઈ	શારદાબેન ગોવિંદભાઈ
જગદીશભાઈ ગોવિંદભાઈ	ધરતીબેન જગદીશભાઈ
પ્રકાશભાઈ ગોવિંદભાઈ	દક્ષાબેન પ્રકાશભાઈ

વૃતિ જગદિશભાઈ - પરમ પ્રકાશભાઈ

---

(૫) ભનુભાઈ વશરામભાઈ

ભનુભાઈ વશરામભાઈ	રસીલાબેન ભનુભાઈ
વિપુલભાઈ ભનુભાઈ	મનિષાબેન વિપુલભાઈ
હરેશભાઈ ભનુભાઈ	વર્ષાબેન હરેશભાઈ

દિશા વિપુલભાઈ - કુંજ વિપુલભાઈ

મહેક હરેશભાઈ - જક્ષ હરેશભાઈ

દીકરી : નિતાબેન ભાર્ગવકુમાર સાવલિયા (પીઠવડી)

પ.પૂ.સંતશ્રી પ્રેમજીબાપા (ગેડીદાસ બાપુ)

નાથાભાઈ પ્રેમજીભાઈ
રણછોડભાઈ નાથાભાઈ અમરતબેન રણછોડભાઈ

ડાયાભાઈ રણછોડભાઈ
મણીબેન ડાયાભાઈ

પેઢી

(૧) કિરીટભાઈ ડાયાભાઈ

દીકરી : કાંતિબેન ભીખુભાઈ રાદડીયા (લીખાળા)
કૈલાસબેન મગનભાઈ બાંભરોલીયા (ત્રંબકપુર)
લાભુબેન લાલજીભાઈ ધડુક (અભરામપરા)
કોકિલાબેન ભીખુભાઈ વેકરીયા (થોરડી)
વિમુબેન બટુકભાઈ બાવસીયા (ત્રંબકપુર)
ગોદાવરીબેન ભોળાભાઈ બરવાળિયા (લીખાળા)
પ્રવિણાબેન ભીખુભાઈ બાંભરોલીયા (જીરા)
ભાવનાબેન અશ્વિનભાઈ બાંભરોલીયા (જીરા)

---

(૧) કિરીટભાઈ ડાયાભાઈ

કિરીટભાઈ ડાયાભાઈ	વિમળાબેન કિરીટભાઈ
હાર્દિકભાઈ કિરીટભાઈ	મનસ્વીબેન હાર્દિકભાઈ
જયદિપભાઈ કિરીટભાઈ	

દીકરી : પ્રિમાબેન ગોપાલકુમાર કાનાણી (ઢસા આંબરડી)

પ.પૂ.સંતશ્રી પ્રેમજીબાપા (ગેડીદાસ બાપુ)

નાથાભાઈ પ્રેમજીભાઈ
રણછોડભાઈ નાથાભાઈ અમરતબેન રણછોડભાઈ

નાનજીભાઈ રણછોડભાઈ
અંબાબેન નાનજીભાઈ

પેઢી

(૧) કનુભાઈ નાનજીભાઈ
(૨) પરશોત્તમભાઈ નાનજીભાઈ
(૩) ભુપતભાઈ નાનજીભાઈ
(૪) ભરતભાઈ નાનજીભાઈ

દીકરી : ચંપાબેન છગનભાઈ કાનાણી (ચોત્રા)
દેવબાઈબેન રમેશભાઈ વેકરીયા (કંથારીયા)

---

(૧) કનુભાઈ નાનજીભાઈ

કનુભાઈ નાનજીભાઈ	વિમળાબેન કનુભાઈ
દિપકભાઈ કનુભાઈ	શર્મીલાબેન દિપકભાઈ
શૈલેષભાઈ કનુભાઈ	અસ્મિતાબેન શૈલેષભાઈ

સ્વીટી દિપકભાઈ - અભિષેક દિપકભાઈ - અવિનાશ શૈલેષભાઈ

દીકરી : હેતલબેન વિપુલકુમાર ઠુંમર (પીપલગ)

---

(૨) પરશોત્તમભાઈ નાનજીભાઈ

પરશોત્તમભાઈ નાનજીભાઈ	શારદાબેન પરશોત્તમભાઈ
ગૌતમભાઈ પરશોત્તમભાઈ	સેજલબેન ગૌતમભાઈ
હસમુખભાઈ પરશોત્તમભાઈ	વૈશાલીબેન હસમુખભાઈ

જેન્સી ગૌતમભાઈ - પ્રિન્સ ગૌતમભાઈ - મિથીલ હસમુખભાઈ

દીકરી : અલ્પાબેન રાજેશકુમાર કાબરીયા (અમરેલી)